ગાંધીનગર સમાચાર
તા. ૭-૪-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### અમિત શાહની ધમકી કેટલી વાજબી?

ગુજરાતના પૂર્વ ગૃહ રાજયમંત્રી અને મુખ્યમંત્રીશ્રીના વિશ્વાસુ સાથી અમિત શાહ થોડાક મહિનાઓ અગાઉ સોહરાબુદ્દીન એન્કાઉન્ટર સાથે સંકળાયેલા મુદ્દાઓ સબબ 'તડીપાર' કરાયા હતા અને એમની સામે ગુજરાતમાં પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવાયો હતો તે વાત હવે લગભગ ભુલાઈ ગઈ છે. અમિત શાહ આજકાલ ઘણી મોટી જવાબદારી સંભાળી રહ્યા છે. ભાજપના વડાપ્રધાનપદના દાવેદાર નરેન્દ્ર મોદીએ પહેલાં તો એમને માનભેર પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રીપદે સ્થાપિત કર્યા અને પછી થોડા જ સમય બાદ એમને ઉત્તરપ્રદેશના પ્રભારી બનાવી દેવાયા હતા. ઉત્તરપ્રદેશ એ લોકસભાની એંશી બેઠકો ધરાવતું દેશનું સૌથી મોટું રાજય છે. દિલ્હીનો રસ્તો ઉત્તરપ્રદેશ થઈને જતો હોવાની વાયકા ઘણી જાણીતી છે. ડો .મનમોહનસિંહ અને પી.વી. નરસિંહરાવ સિવાયના લાંબો સમય ટકેલા વડાપ્રધાનો ઉત્તરપ્રદેશમાં ચૂંટણી લડીને વડાપ્રધાન બન્યા છે. કોંગ્રેસનો ગઢ રહી ચૂકેલા ઉત્તરપ્રદેશ પર હાલમાં મુલાયમસિંહના સમાજવાદી પક્ષનો કબજો છે. દલિત રાજનેતા કાંશીરામે ઉત્તરપ્રદેશમાં દલિત મતદારોનું ધ્રુવીકરણ કરવામાં સફળતા મેળવી હતી જેના પરિણામે માયાવતીએ ઉત્તરપ્રદેશ જેવા દેશના સૌથી મોટા રાજયના મુખ્યમંત્રી તરીકે ચાર-ચાર વાર શપથ લીધા હતા. અમિત શાહે ઉત્તરપ્રદેશમાંથી ઓસરી ગયેલી ભાજપની અસર પુનઃ સ્થાપિત કરવાના સંકલ્પ સાથે રામજન્મભૂમિનાં દર્શન કરી ધૂણી ધખાવ્યા પછી ગંગા-જમના એ સરયૂમાં ઘણાં પાણી વહી ગયાં છે. કુંભમેળામાં સાધુસંતોએ બાબા રામદેવના આગ્રહથી નરેન્દ્ર મોદીને સમર્થન આપવાનો ઠરાવ જ કરી દીધો હતો, એમ કહીએ તો ચાલે. મુઝફ્ફરનગરનાં રમખાણોમાં કોણ કેવી ભૂમિકા ભજવી તે તપાસનો વિષય છે, પરંતુ સામાન્ય ઝઘડામાંથી એને કોમી રમખાણમાં ફેરવી નાખવા પાછળ અમિત શાહનું ભેજું કામ કરી ગયું હોય એવા આક્ષેપો થતા રહ્યા છે. સમાજવાદી પાર્ટી માટે મુઝફ્ફરનગર કાંડ એક લાંછન સમાન સાબિત થયેલ છે. કોંગ્રેસ, રાષ્ટ્રીય લોકદળ અને બહુજન સમાજવાદી પાર્ટી તો આ રમખાણોમાં ભાજપ અને (મોદી) અને મુલાયમસિંહની મિલીભગત હોવાનો પ્રચાર કરતાં રહે છે. એક વાત ચોક્કસ કે મુઝફ્ફરનગરની ઘટનાથી ભાજપ આસપાસના જાટ સમુદાયને રીઝવવામાં સફળ બન્યું છે અને મુસ્લિમો સમાજવાદી પાર્ટીથી વિમુખ થઈ ગયા છે. આ પંથકના શામલી ખાતે અમિત શાહે જે ઉશ્કેરણીજનક ભાષણ કર્યું, તેની વિરુદ્ધ કોંગ્રેસ પક્ષે ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ પણ નોંધાવી છે. એમણે પશ્ચિમ ઉત્તરપ્રદેશની હિંદુ પ્રજા માટે ચૂંટણી એ 'બદલો' લેવાનું નિમિત્ત હોવાનું જણાવ્યું હતું, જે દેખીતી રીતે બે કોમો વચ્ચે વૈમનસ્ય વધારવા ઉપરાંત હિંદુ મતોના ધ્રુવીકરણ માટેની ગણતરીપૂર્વકની ચેષ્ટા હતી. અમિત શાહે એટલેથી નહીં અટકતાં વધુ એક ધમકી પણ આપી છે. કેન્દ્રમાં મોદીની સરકાર આવતાંની સાથે ઉત્તરપ્રદેશની સમાજવાદી સરકારનું ઉઠમણું કરી દેવાની એમની ધમકી ખરેખર એક ગંભીર બાબત છે. વિવિધ પાર્ટીઓના પ્રવક્તાઓએ આ ધમકીમાં છુપાયેલા ભાજપના નેતાઓની સરમુખત્યાર શાહી વલણની ટીકા કરી છે. ઉત્તરપ્રદેશની ચૂંટાયેલી સરકારને ઉથલાવી નાખવાની વાત કરીને અમિત શાહ મુસ્લિમ મતદારોમાં ભય પેદા કરતા હોવાનો અને ઉજળિયાત હિંદુ મતોનું ધ્રુવીકરણ કરાવવાનો પ્રયાસ કરતા હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે એમાં વજૂદ છે. અત્યાર સુધી વિકાસના નામે ચૂંટણી જીતવાની વ્યૂહરચના સ્વીકારનાર પાર્ટી છેલ્લે તો એના મૂળ એજન્ડા પર જ આવી ગઈ હોય એમ લાગે છે.

# નિસર્ગ સાયન્સ સેન્ટરે ઈટાદરાના ગ્રામજનોને આકાશના દર્શન કરાવ્યા

## સૂર્યમંડળના વિવિધ ગ્રહો વિશે માહિતી પુરી પાડી


ગાંધીનગર, તા.૬
નિસર્ગ સાયન્સ કોમ્યુનિટી સેન્ટર સેક્ટર-૨૩ દ્વારા માણસા તાલુકાના ઈટાદરા ખાતે આકાશ દર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આકાશ દર્શન કર્યું હતું.

શહેરમાં વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેતી નિસર્ગ સાયન્સ સેન્ટર વર્ષ દરમિયાન અનેક પ્રવૃત્તિઓ કરી બાળકો, વૃધ્ધો અને મહિલાઓને વિજ્ઞાનથી વાકેફ કરે છે ત્યારે સેન્ટર દ્વારા ગઈ તા. ૫ના રોજ આકાશ દર્શન કાર્યક્રમ યોજાયો હતો.

માણસા તાલુકાના ઈટાદરા ગામે રાત્રીના સમયે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ને ગ્રામજનોની ઉપસ્થિતિમાં આકાશ દર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સેન્ટરના ટ્રસ્ટી અનિલભાઈ પટેલે ખગોળીય ઘટનાઓની માહિતી પુરી પાડી હતી.

તેમજ ટેલિસ્કોપ દ્વારા આકાશમાં દેખાતા ગ્રહો, નક્ષત્રો, લઘુગ્રહો, ઉલ્કાઓ બતાવવામાં આવ્યા હતા. સાથે સાથે મંગળ ગ્રહ, શનિગ્રહ વિશેની વિસ્તૃત સમજ આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા ગ્રહોને લગતા મુંઝવતા સવાલોના જવાબો પણ અનિલભાઈએ આપ્યા હતા.

આકાશ દર્શન કાર્યક્રમમાં સંસ્થાના કો ઓર્ડીનેટર હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે બાઈનોકયુલર યંત્ર દ્વારા ચંદ્ર ગ્રહ બતાવ્યો હતો. જેમાં ચંદ્ર પર પડેલા, ખાડા સપાટી પર દેખાતા લિસોટા વિશેની વિસ્તૃત સમજણ આપી હતી. કાર્યક્રમમાં ૧૦૦ વિદ્યાર્થીઓ અને ૬૦થી વધુ ગ્રામજનો જોડાયા હતા. ઈટાદરા પ્રાથમિક શાળાના વિજ્ઞાન શિક્ષક સચિન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતાં.



## હરિની દૃષ્ટિ...



તને શું રોગ થયો છે એનું નામ ન પૂછ, તેનો ઉચ્ચાર મારાથી પણ નથી થતો તારું તો કામ જ નથી... લે આ ગોળી...

# સમદર્શન આશ્રમમાં આજથી અખંડ રામચરિત માનસ પારાયણ

ગાંધીનગર, તા.૬
ગાંધીનરના સેકટર-૧ ખાતે આવેલ સમદર્શન આશ્રમમાં રામનવમીના પાવન પ્રસંગે રામચરિત માસનું અખંડ પારાયણ દર વર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવેલ છે.

તા. ૭મી એપ્રિલ ૨૦૧૪ને સોમવારના રોજ સવારે ૬-૦૦ વાગ્યાથી રામચરિત માનસનું અખંડ પારાયણ પ્રારંભ થશે. અને તા. ૮મી એપ્રિલ ને મંગળવારે સવારે ૯-૦૦ વાગે વિરામ પામશે. ત્યાર બાદ સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન શ્રી રામચંદ્ર ભગવાનની શાસ્ત્રોકત પૂજા અને રામ જન્મત્સવની ઉજવણી રાખવામાં આવેલ છે. તો શહેરની ધર્મપ્રેમી જનતાને આ ધાર્મિક ઉત્સવમાં ભાગ લેવા હાર્દિક નિમંત્રણ છે.

સમદર્શન આશ્રમમાં ભગવદ્ ગીતા અને ઉપનિષદનો નિયમિત સત્સંગ પૂ. ગુરુમા દ્વારા કરવામાં આવે છે.

# UPSC પ્રિલિમરીની પરીક્ષા માટે ઓનલાઈન કોચિંગ શરૂ

## ૧૦૦ રૂપિયાની ફી ચુકવવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓને ૧૫૦ દિવસ ઓનલાઈન કોચિંગ માટેની સુવિધા મળશે

અમદાવાદ,તા.૬
યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા યુપીએસસીની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન કોચીંગની શરૂઆત કરવામાં આવી છે. આ માટે ઓનલાઇન કોચિંગનો લાભ લેવા માટે વિદ્યાર્થીઓએ દર મહિને ૧૦૦ રૂપિયા ફી ચુકવવી પડશે જેના બદલામાં આ કોચિંગ દ્વારા યુપીએસસીની પ્રિલીમ પરીક્ષાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓને ૧૫૦ દિવસ ઓનલાઇન કોચિંગ આપવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા લેવામાં આવતી યુપીએસસીની પ્રિલીમ પરીક્ષામાં દેશભરમાંથી લાખો વિદ્યાર્થીઓ ભાગ લે છે. આ વિદ્યાર્થીઓ પરીક્ષાના કોચિંગ માટે મસ મોટો ખર્ચ કરતા હોય છે અને ખાનગી કોચિંગ કલાસીસો પણ વિદ્યાર્થીઓનો મજબૂરીનો લાભ લઇને વર્ષે દહાડે લાખો રૂપિયા કમાઈ લે છે ત્યારે વિદ્યાર્થીઓને આ કોચિંગ કલાસીસોની ઉંચી ફી ન ચુકવવી પડે અને વિદ્યાર્થીઓ ઘરે બેઠા યોગ્ય કોચિંગ અને માર્ગદર્શન મેળવી શકે તે માટે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા પોતાની વેબસાઇટ પર પ્રિલીમ પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન કોચિંગની શરૂઆત કરવામાં આવી છે. આ કોચિંગનો લાભ લેવા માટે વિદ્યાર્થીઓએ દર મહિને માત્ર ૧૦૦ રૂપિયા જેટલી નજીવી ફી ચુકવવી પડશે જેના બદલામાં વિદ્યાર્થીઓને ૧૫૦ દિવસ કોચિંગ આપવામાં આવશે. એટલું જ નહીં વિદ્યાર્થી વેબસાઇટ ઉપર જ ઓનલાઇન ટ્રાયલ પરીક્ષા આપીને પોતાની તૈયારીઓને ચકાસી શકશે. આ કોચિંગની ખાસિયત એ છે કે, વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારીની સાથે સાથે`તમનો નિયમિત ટેસ્ટ પણ લેવામાં આવશે. વેબસાઇટ પર વિદ્યાર્થીઓ માટે ડેમો ચેપ્ટર પણ મુકવામાં આવશે જેમાં વિદ્યાર્થીઓને સી-સેટ પેટર્ન પર તૈયારી કરાવવામાં આવશે. આ વેબસાઇટ પર વિદ્યાર્થીઓને ઇન્ડિયન હિસ્ટ્રી, નેશનલ મુવમેન્ટ, ઇન્ડિયન એન્ડ વર્લ્ડ થિઓગ્રાફી કરન્ટ અફેર્સ, એન્વાયર્નમેન્ટ એન્ડ ઇકોલોજી, ઇન્ડિયન પોલીટિક્સ અને ગવર્નન્સ, ઇકોનોમિક્સ અને સોશિયલ ડેવલપમેન્ટ જેવા વિષયોનું કોચિંગ આપવામાં આવશે.

આ કોચિંગ લેવા માટે વિદ્યાર્થીઓએ વેબસાઇટ પર જઇને રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.



**જેઇઇ પરીક્ષા :** ધોરણ-૧૨ પછી ઈજનેરી વિદ્યાશાખામાં પ્રવેશ માટે રાષ્ટ્રીય કક્ષાએ યોજાતી જેઈઈના બે પેપર આજે ગાંધીનગર ખાતે શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયા હતા. ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના સેંકડો વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

# સિંધુ ધામે રામનવમીનો ઉત્સવ ધામધૂમથી ઉજવાશે

## સવારે રામ નામની અખંડ ધૂન અને સાંજે સાંઈબાબાની શોભાયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા. ૬
ગાંધીનગરના સેક્ટર-30 ખાતે આવેલા પ્રખ્યાત ઝુલેલાલ-સાંઈબાબા મંદિર 'સિંધુધામ' ખાતે તા. ૮મી એપ્રિલે રામનવમીનો ઉત્સવ ધામધૂમથી ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવસે સવારે ૧૧ વાગ્યાથી રામ-નામની અખંડધૂન તેમજ બપોરે ૧૨ વાગે આરતી-પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. રામનવમીના દિવસે સાંઈબાબાનો જન્મદિવસ હોવાથી સાંજે પાંચ વાગે સાંઈબાબાની શોભાયાત્રા પણ કાઢવામાં આવશે જે સેક્ટર-30ના આંતરિક માર્ગો પર પરિભ્રમણ કરી ૭ વાગે નિજ મંદિરે પરત ફરશે. આ ધાર્મિક કાર્યક્રમોનો લાભ લેવા શહેરની ધર્મપ્રેમી જનતાને આમંત્રણ આપવામાં આવ્યું છે.

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# પોલીસની મુલાકાતથી આરોપીના મનમાં નવા સમીકરણો-વલણો બંધાય છે

**મહિલા સમાજ અને કાયદો**
**અંક-૩૮**
**ડો. ભાવના કે. જોશીપુરા**

ગત અંકમાં એક બાળક કાયદાના સંઘર્ષમાં કઈ રીતે આવી શકે તે વિશે આપણે સમજી રહ્યા હતા. સમાજની કોઈપણ સમસ્યાનો વિચાર સમગ્રતયા કરવો જોઈએ એટલે કે પીસ્મીલ રીતે કે કોઈ એક આયામથી નહીં કરવો જોઈએ. સમાજમાં કોઈપણ સમસ્યાના સંદર્ભમાં જે અલગ અલગ એકમો સંકળાયેલા છે. જેમ કે સરકાર, ન્યાયતંત્ર, વહીવટીતંત્ર, પોલીસતંત્ર અને બીજી તરફ સ્વૈચ્છિક સંગઠનો, બીન સરકારી સંસ્થાઓ કે સમાજસેવી અન્ય સંગઠનો અને વ્યવસ્થાઓ આ સર્વેનો વિચાર સંકલીત તથા એકાત્મ રીતે એટલે કે ઈન્ટીગ્રેટેડ વે માં થવો જોઈએ.

અહીંયા આપણે જ યુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ ૩૬ તથા ૬૩નો વિચાર પોલીસતંત્ર અને સ્વૈચ્છીક સંગઠનાઓની ભૂમિકામાં કરી રહ્યા છીએ. કોઈપણ સમસ્યાનો વિચાર કરીએ ત્યારે મૂળભૂત રીતે જો કોઈ એક વ્યવસ્થાની ટીકા કરીએ તો સમસ્યાનું નિરાકરણ મળી શકે નહીં અને તેવી જ રીતે કોઈએક સંગઠનની ભૂમિકાનો વિચાર પણ સંકલિત રીતે થવો જોઈએ અને અહીં આ તત્વાવધાનમાં પોલીસ વ્યવસ્થા જેની અંદર આપણે કાયદો અને વ્યવસ્થા, પોલીસતંત્રની સંસ્થાગત વ્યવસ્થા જેવા વિષયોની સાથે સ્વૈચ્છિક સંગઠનાઓની ભૂમિકા એકત્રિત અને સંકલિત રીતે જોવી ઉપયોગી બની શકે. ગત અંકોમાં આપણે બાળ અપરાધના ખ્યાલ, બાળકો પ્રતિ કરવામાં આવતાં વિવિધ અપરાધોનું સંક્ષિપ્ત સ્વરૂપ તેમજ કલમ-૮ અન્વેક્ષણ ગૃહ વિશે જાણકારી મેળવેલ.

જયુવેનાઈ જસ્ટીસ એકની બે અગત્યની કલમો જે પણ જાણવી જરૂરી છે જેમાં કલમ-૩૬ તથા કલમ-૬૩ વિશે જાણીએ તો,

કલમ-૩૬, સામાજિક અન્વેષય :

કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર, બાળકોના ગૃહના કાર્યનું નિયમન અને મૂલ્યાંકન, સરકાર નક્કી કરે તેવી વ્યક્તિઓ કે સંસ્થાઓ દ્વારા નિયમ સમયે કરવામાં આવશે.

ખરેખર તો આ કાયદાનું હાર્દ એ સરકાર દ્વારા પ્રસ્થાપિત વ્યવસ્થાનું સતત મૂલ્યાંકન જ માત્ર નહીં પરંતુ નિયમન કરવાનું પણ છે, કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા કે સમાજની અંદર વસતા સમાજશાસ્ત્રીઓ, ન્યાયશાસ્ત્રીઓ, માનોચિકિત્સકો, સ્વૈચ્છિક સંગઠનના વ્યક્તિઓ કે આ ક્ષેત્રમાં કાર્યરત તજજ્ઞો દ્વારા સતત આ વિષયનું મૂલ્યાંકન થવું જરૂરી છે.

સરકાર એટલે કે ખાસ કરીને વિધાનતંત્ર દ્વારા કાયદા બનાવાય અને સરકાર અને વહીવટીતંત્ર દ્વારા બાળકોના ગૃહના કાર્ય સંબંધી જે સંસ્થાગત વ્યવસ્થા ઉભી કરવામાં આવે છે તે કેવી રીતે ચાલે છે, સુચારુરૂપથી તેનું સંચાલન થાય છે કે કેમ? બાળકોને આ પ્રકારની મુશ્કેલી પડે છે અને સુચવાયેલ ધોરણો મુજબ કાર્ય થાય છે કે કેમ? આ સૌથી અગત્યની બાબત સામાજિક અન્વેષણમાં નિહિત છે.

કલમ-૬૩ ખાસ બાળપોલીસ એકમ ૩૫- તપાસ

(૧) રાજય સરકાર રાજય માટે, એક જિલ્લા માટે અને શહેર માટે તપાસ સમિતિઓ બાળકોના ગૃહો માટે નિમેશ (જેને હવે તપાસ સમિતિ તરીકે ઉલ્લેખ કરવામાં આવશે) અને તેમનો સમયગાળો અને ઉદ્દેશ ઠરાવ્યા મુજબનો રહેશે.

(૨) રાજય, જિલ્લા અથવા શહેરની તપાસ સમિતિમાં, રાજય સરકાર સ્થાનિક સતા મંડળ, સમિતિ, સ્વૈચ્છિક સંગઠનો અને બીજા દાકતરી તજજ્ઞ અને સામાજિક કાર્યકરોનું પ્રતિનિધિત્વ ઠરાવ્યા મુજબનું રહેશે.

કાયદાના અસરકારક અમલ માટે જ નહિં પણ બાળક/કિશોરના રક્ષણ અને સમાજમાં પુનઃ સંસ્થાપન માટે ખાસ તાલીમ પામેલ પોલીસ અને પોલીસ અધિકારી હોવા જરૂરી છે. જે અનુભવથી સમજાયા પછી, તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. અપરાધ પછી તે, કિશોર દ્વારા કરવામાં આવતા હોય તે પુખ્યવયની વ્યક્તિ દ્વારા કરવામાં આવતા હોય, પણ તેમની સાથે સંપર્કમાં આવતી પ્રથમ સંસ્થા પોલીસ છે. વળી પોલીસની મુલાકાતથી આરોપીના મનમાં નવા સમીકરણો- વલણો બંધાય છે. જયારે ખાસ કરીને આ કાયદાનો ઉદ્દેશ સુધારલક્ષી હોય, પોલાસનું કાર્ય રૂઢીગત ન બની રહે તેની પણ ખાસ કાળજી રાખવાની જરૂરત છે.

(૩) પોલીસ અધિકારીઓ કે જેઓ અવારનવાર અથવા તમામ રીતે બાળકોની સાથે વ્યવહાર (કાર્ય) કરતા હોય છે અથવા બાળ અપરાધ અટકાવવાની પ્રક્રિયામાં જોડાયેલા હોય છે અથવા બાળકો કે કિશોરની સાથે આ અધિનિયમ અન્વયે તેમનું કાર્ય વધુ અસરકાર રીતે કરી શકે તે માટે ખાસ તાલીમ પામેલ અને માહિતીગાર હોવા જરૂરી છે.

(૪) દરેક પોલીસ મથકમાં ઓછામાં ઓછા એક અધિકારીને કે જે યોગ્ય વલણ ધરાવતા અને તાલીમ પામેલ હશે તેમ જ આ કામથી સુમાહિતગાર હશે તેમને કિશોર કે બાળકલ્યાણ અધિકારી તરીકેનું પદ આપવામાં આવશે અને જે કિશોર કે બાળક અને પોલીસ સાથે સંકલનનું કાર્ય કરશે.

(૫) ખાસ પોલીસ એકમમાં ઉપર જણાવ્યા મુજબના પદવાળા પોલીસ અધિકારીઓ સભ્ય હશે. જે કિશોર કે બાળકોની સાથે કાર્ય કરશે અને દરેક જિલ્લા અને શહેરમાં કિશોર કે બાળકોની બાબતે પોલીસ સારવારનું સ્તર ઊંચું લઈ જવા સંકલન કરશે.

પોલીસ તંત્રના સંદર્ભમાં ટીકાત્મક અભિગમ અનેક સ્થાનો ઉપર જોવા મળે છે પરંતુ કોઈ એક એકમનો માત્ર ટીકાત્મક અભિગમથી વિચાર કરવો યોગ્ય નથી અને આ સંદર્ભમાં જોવા જઈએ તો સ્વૈચ્છિક સંગઠનની કેટલીક ભૂમિકાઓ અગત્યની બની રહેશે.

આ બંને અગત્યની કલમો સંદર્ભે સ્વૈચ્છિક સંસ્થાઓની શું ભૂમિકા છે તથા સુરેશની બાબત સાથે મળીએ આવતા અંકે...

**આપણે જ યુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ ૩૬ તથા ૬૩નો વિચાર પોલીસતંત્ર અને સ્વૈચ્છીક સંગઠનાઓની ભૂમિકામાં કરી રહ્યા છીએ. કોઈપણ સમસ્યાનો વિચાર કરીએ ત્યારે મૂળભૂત રીતે જો કોઈ એક વ્યવસ્થાની ટીકા કરીએ તો સમસ્યાનું નિરાકરણ મળી શકે નહીં અને તેવી જ રીતે કોઈએક સંગઠનની ભૂમિકાનો વિચાર પણ સંકલિત રીતે થવો જોઈએ અને અહીં આ તત્વાવધાનમાં પોલીસ વ્યવસ્થા જેની અંદર આપણે કાયદો અને વ્યવસ્થા, પોલીસતંત્રની સંસ્થાગત વ્યવસ્થા જેવા વિષયોની સાથે સ્વૈચ્છિક સંગઠનાઓની ભૂમિકા એકત્રિત અને સંકલિત રીતે જોવી ઉપયોગી બની શકે**